જ્યારે આપણે કોઇ સત્કાર્યનો સંકલ્પ કરીએ છીએ ત્યારે શક્તિ તો એની મેળે જ આવી જાય છે
- પ્રેમચંદજી

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૮૫ | ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૨, શુક્રવાર; અધિક ભાદરવા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગર શહેરનો નવો હેલ્થ પ્લાન

સેક્ટર-૩૦માં મીની સિવિલ હોસ્પિટલ બનાવાશે : આગામી સપ્તાહમાં નવા ડ્રાફ્ટને મંજુરી મળતાં કાર્યાન્વિત કરાશે : છ સેક્ટરોનાં દવાખાનાં અપગ્રેડ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરનો નવો હેલ્થ પ્લાનનો ડ્રાફ્ટ તૈયાર થઈ ચુક્યો છે અને આગામી સપ્તાહમાં તેની મંજૂરી મળતાં જ તે કાર્યાન્વીત કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરના વિવિધ સેક્ટરોમાં આવેલા સરકારી દવાખાનાઓ પૈકી છ જેટલા દવાખાના અપગ્રેડ કરી દેવામાં આવશે અને તેમને ૨૪X૭નો દરજ્જો આપવામાં આવશે. આ ઉપરાંત સે. ૩૦નું હાલનું ડિસ્પેન્સરીનું જે મકાન છે તે તોડીને એક મીની સિવિલ હોસ્પિટલ જેવું બિલ્ડીંગ ત્યાં કાર્યરત કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨, ૪, ૨૪, ૧૭, ૨૯ અને પાલજના હાલના દવાખાનાઓને અપગ્રેડ કરવામાં આવશે. આ દવાખાનાઓમાં પ્રસુતિ સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે અને તેને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાનો દરજ્જો આપી ત્યાં ૨૪X૭ની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ગાંધીનગર શહેરના વધતા જતા વિકાસ અને વસ્તીના ભારણને ધ્યાને રાખી તત્કાલીન પ્રભારી સચિવશ્રી મીનાએ શહેરની આરોગ્ય

● અનુસંધાન પાન-૭ પર

વિઘ્નહર્તા દેવ ગણપતિનો ઉત્સવ એટલે કે ગણેશ ચતુર્થી હવે હાથવેંતમાં છે. ત્યારે ગણપતિની આકર્ષક પ્રતિમાઓ બજારમાં વેચામ માટે મૂકી દેવામાં આવી છે. આપણે ત્યાં પ્લાસ્ટર ઑફ પેરિસની પ્રતિમાઓ ઉપર પ્રતિબંધ હોવા છતાં આવી પ્રતિમાઓનું ધૂમ વેચાણ થાય છે. અગાઉ ગણેશ મહોત્સવ મોટાપાયે સમૂહમાં થતા, પરંતુ એની સાથે હવે લોકોએ ઘરમાં પણ ગણપતિની પ્રતિમા લાવવાનું શરૂ કરી દેતાં ગણપતિની પ્રતિમાઓનું વેચાણ મોટાપાયે થાય છે. અને શ્રદ્ધાની જ્યાં વાત હોય ત્યાં શ્રદ્ધાળુઓ બીજી કોઈ વાત સ્વીકારતા નથી, એટલે પ્લાસ્ટર ઑફ પેરિસની પ્રતિમાઓ વેચાય પણ છે ને ખરીદાય પણ છે. પ્રકૃતિનું જે થવું હોય તે થાય - શ્રદ્ધા અકબંધ રહેવી જોઈએ ! જય ગણેશ દેવા ! **(તસવીર : દિપક જાની)**

આઈબીની ચેતવણીના પગલે મુખ્યમંત્રીની સુરક્ષા મજબૂત કરાઈ

પ્રચાર દરમિયાન ત્રાસવાદી હુમલો થઈ શકે છે : હાઈ એલર્ટ જાહેર

ગાંધીનગર,તા.૧૩

કુખ્યાત આતંકવાદી સંગઠન લશ્કરે તોયબાના આતંકવાદીઓ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવીને હુમલો કરી શકે છે. આઈબી દ્વારા ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ મોદીની સુરક્ષા વ્યવસ્થામાં વધારો કરી દેવામાં આવ્યો છે. આઈબીએ ચેતવણી જારી કરતા કહ્યું છે કે પ્રચાર દરમિયાન મોદી ઉપર કોઈપણ જગ્યાએ હુમલો થઈ શકે છે. ગુપ્તચર સંસ્થાએ એવી આશંકા પણ વ્યક્ત કરી છે કે આ હુમલો ચૂંટણી રેલી દરમિયાન પણ થઈ શકે છે. આઈબીની ચેતવણી બાદ દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં હાઈ એલર્ટ જારી કરીને સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે નવેમ્બર મહિનામાં દેશના સૌથી વિકસીત ગણાતા રાજ્યો પૈકીના એક ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે જેને લઈને તમામ રાજકીય પક્ષો તૈયારીમાં લાગી ચૂક્યા છે.

પ્રચાર કામગીરી પણ શરૂ થઈ ચૂકી છે તેવા સમયમાં જારી કરવામાં અવેલી ચેતવણી સુરક્ષા સંસ્થાઓ અને પોલીસ માટે પણ ઉંઘ હરામ કરનારી છે. નરેન્દ્ર મોદીએ હાલમાં જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પ્રચારની શરૂઆત કરી દીધી છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હાલમાં વિકાસ યાત્રામાં વ્યસ્ત થયેલા છે. જુદા જુદા વિસ્તારોમાં સ્વામી વિવેકાનંદ વિકાસ યાત્રા આગળ વધી રહી છે. આઈબી દ્વારા જારી કરવામાં આવેલી ચેતવણી બાદ પોલીસે પણ સુરક્ષા વ્યવસ્થા વધારવા માટે કમર કસી લીધી છે. મોદીને અગાઉ પણ ખતરો હોવાના અહેવાલ અનેક વખત જારી કરવામાં આવી ચૂક્યા છે.

ખેડૂતોને કૃષિ પાક ધિરાણમાં વ્યાજ માફ

ગુજરાતનાં ૧૪ લાખ ખેડૂતોને મોટી રાહત મળશે : ગુજરાતમાં ચૂંટણી પહેલાં મુખ્યમંત્રીની શ્રેણીબદ્ધ જાહેરાત : સરકાર ૩૦૦ કરોડનો બોજ ઉઠાવશે : કૃષિ વિષયક વીજ બિલમાં ૫૦ ટકાની રાહત જાહેર

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય નથી ત્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાહતો આપવાની શરૂઆત કરી દીધી છે. હવે મોદીએ ખરીફ પાકના ધિરાણના વ્યાજના ભારણમાંથી ખેડૂતોને સંપૂર્ણ મુક્તિ આપવાની જાહેરાત કરી છે. આનાથી રાજયના ૧૪ લાખ ખેડૂતોને સીધી રીતે ફાયદો થશે. કૃષિ વિષયક વીજ બિલમાં પણ ૫૦ ટકા રાહતની જાહેરાત કરાઈ છે. આ ઉપરાંત એક વર્ષ માટે ખરીફ પાક ધિરાણની મુદતમાં વધારો કરવા કેન્દ્ર સરકારને અપીલ કરવામાં આવી છે. મોદીએ આજે શ્રેણીબદ્ધ રાહતો જાહેર કરીને ખેડૂતોને મોટી ખુશી આપી છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યમાં વિલંબીત વરસાદના કારણે ખરીફ પાક વાવેતર નિષ્ફળ જતાં તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૧૨ સુધીમાં જે ખેડૂતોએ ખરીફ પાક ધિરાણ લીધું છે તેના વ્યાજના ભારણમાંથી ખેડૂતોને સંપૂર્ણ મુક્ત કરવાની ક્રાંતિકારી જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ આ જાહેરાત કરતાં જણાવ્યું છે કે રાજયના ૧૪ લાખ જેટલા ખેડૂતોએ રૂા. ૭૦૦૦ કરોડનું ખરીફ પાક ધિરાણ લીધું છે એના વ્યાજનો સંપૂર્ણ બોજ રાજ્ય સરકાર ઉઠાવશે અને તે માટે રૂા. ૩૦૦૦ કરોડનો બોજ રાજ્ય સરકાર પોતાના માથે લઇ લેશે.

મુખ્યમંત્રીએ બીજી એક મહત્વની જાહેરાત કરતાં એમ પણ જણાવ્યું છે કે આ વરસે વરસાદ ખેંચાતા ખરીફ પાક માટે ખેડૂતોને જુદા જુદા જળસંગ્રહના સાધનોમાંથી પાણીનો જે જથ્થો લેવો પડ્યો છે અને તે વાવેતર પણ નિષ્ફળ જતાં તેના જંગી વિજળી બિલનો ભારે બોજ વેઠવા વારો ખેડૂતોને આવ્યો છે. આ પરિસ્થિતિમાં રાજ્ય સરકારે ખેડૂતોને કૃષિવિષયક વીજ બિલમાં પણ પચાસ ટકા રાહત આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ ભારત સરકારને પણ અનુરોધ કર્યો છે કે ગુજરાતના ખેડૂતોને સમયસર પાક ધિરાણ ભરપાઈ કરે તો ફરીથી પાક ધિરાણ મળે છે પરંતુ આ વર્ષે ખેતીનો પાક નિષ્ફળ જતાં ખેડૂતો પાક ધિરાણ સમયસર ભરપાઈ કરવા શક્તિમાન નથી. તેવા વિકટ સંજોગોમાં કેન્દ્ર સરકાર કૃષિવિષયક પાક ધિરાણની ભરપાઈની મુદત વધુ એક વર્ષ માટે વધારવી જોઈએ. નરેન્દ્ર મોદીએ આ ખાસ નિર્ણયોની ભૂમિકા આપતા જણાવ્યું કે ગુજરાતમાં ગયા બે અઠવાડિયાથી સારો વરસાદ થતાં ખુશીનો માહોલ છે. તેમ છતાં વરસાદ મોડો આવવાને કારણે ખેડૂતોને પહેલા પાકમાં જરૂર નુકસાન ગયું છે. જે ખેડૂતોએ ખરીફ પાક માટે ધિરાણ લીધું છે તેમને પાક પાક્યા વગર પણ વ્યાજનો બોજ સહન કરવો પડે છે

● અનુસંધાન પાન-૭ પર